# વૈશાલીમાં વેણુભારતીનું મોહક કલાપ્રદર્શન







ગાંધીનગરની જાણીતી સંસ્થા વેણુભારતીના કલાકારોએ બિહાર રાજ્યમાં યોજાયેલ તા-૨૯ થી ૩૧ માર્ચ ૨૦૧૮ ત્રીદિવસીય વૈશાલી મહોત્સવમાં ભાગ લીધો હતો. બિહાર રાજ્ય સરકાર તરફથી ગુજરાતમાંથી એક માત્ર વેણુભારતી ટીમની પસંદગી કરાઈ હતી. વૈશાલી એ બિહારમાં પટનાની નજીક આવેલું ઐતિહાસિક શહેર છે. વૈશાલી શહેર મહાવીર સ્વામીનું જન્મ સ્થાન છે તથા બુદ્ધ ભગવાનનું કર્મ સ્થાન છે. જ્યાં મહાવીર જયંતી નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવનું ટુરીઝમ વિભાગ, બિહાર દ્વારા આયોજન હાથ ધરાયું હતું. આ મહોત્સવમાં ગુજરાતમાંથી વેણુ ભારતી સંસ્થાને લોક નૃત્ય રજુ કરવા આમંત્રણ મળેલ હતું. સંસ્થાના કલાકારો દ્વારા રાસ, ગરબો, ટીપ્પણી જેવા ગુજરાતના સુપ્રસિદ્ધ લોક નૃત્યોની રજૂઆત કરવામાં આવી હતી. જે ત્યાંના પ્રેક્ષક ગણે ખુબ પ્રેમથી વધાવી લીધી હતી. બિહાર સરકાર દ્વારા વેણુ ભારતી સંસ્થાના સંચાલક નીતિન દવેનું મહાવીર સ્વામીનું સ્મૃતિચિહ્ન આપી તથા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સર્વે કલાકારો નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી દર્શના રાઠોડ, ધરતી વ્યાસ, કરિશ્મા પાટડિયા, ચાહના દવે, નિશી પટેલ, સલોની પાઠક, વિશાલ વર્મા, નિશાંત ચાવડા, પીયુષ ચૌહાણ, વિશાલ શ્રીમાળી, દિવ્યેશ સોલંકી, પૃથ્વીસિંહ રાણાએ ભાગ લીધો હતો.

## ડાયરેક્ટ ❤ સે

પવન અને માણસમાં
ગજબની સામ્યતા છે
બંને
ક્યારે ફરી જાય
કોઈને
ખબર જ ન પડે

## જન્મદિને વધામણી



**પંકજ દેસાઈ**
સુજોક થેરાપીસ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦



**જિજ્ઞાસા સુકેતુ મહેતા**
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦



**હર્ષા રમણ ભટ્ટ**
નાની બચત એજન્ટ
૯૯૯૮૮ ૧૦૭૮૨



**સચિનકુમાર**
**નટવરલાલ દરજી**
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬

### સરકારે ગુજરાતના શિક્ષણપ્રધાનના નેતૃત્વમાં ઉચ્ચસ્તરિય સમિતિ બનાવી

## સ્કૂલના બાળકોના મનમાંથી હવે ગણિતનો ડર દૂર કરશે સરકાર

સરકાર હવે સ્કૂલનાં બાળકોના ગણિતના ડરને દૂર કરવામાં મદદ કરશે. સરકારે ગુજરાતના શિક્ષણ પ્રધાનના નેતૃત્વમાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ નીમવાનો નિર્ણય લીધો છે. ત્રણ મહિનામાં સમિતિ ગણિતને સરળ અને રોચક બનાવવાના આઈડિયાનો રિપોર્ટ સરકારને સોંપશે.

સરકારે સ્કૂલ શિક્ષકોના પ્રશિક્ષણને વધુ ઉત્તમ બનાવવાનો નિર્ણય લીધો છે. તેને લઈ તેલંગાણાના નાયબ મુખ્યપ્રધાનના નેતૃત્વમાં પણ એક સમિતિ રચવામાં આવશે. એનસીઈઆરટીની વાર્ષિક કાર્યકારિણીની બેઠકમાં આ નિર્ણય લેવાયો છે. બેઠકની જાણકારી આપતાં કેન્દ્રીય માનવસંસાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકરે જણાવ્યું કે નેશનલ એસેસમેન્ટ સર્વે અનુસાર વિદ્યાર્થીઓના મનમાં ગણિતને લઈ ડર રહેતો હોય છે.

સરકાર હવે આ ડરને ખતમ કરશે. રાજ્યની સાથે ચર્ચા બાદ હવે તેને લઈ એક સમિતિ રચવાનો નિર્ણય લેવાયો છે. ૬ થી ૭ સભ્યની સમિતિમાં શિક્ષણવિદ અને મંત્રાલયના વરિષ્ઠ અધિકારી સામેલ થશે. તે ત્રણ મહિનામાં પોતાનો રિપોર્ટ સોંપશે. ત્યારબાદ સરકાર જરૂરી પગલાં ભરશે.

બેઠકમાં શિક્ષકોના પ્રશિક્ષણને શ્રેષ્ઠ બનાવવાની માગણી પણ ઊઠી છે. ત્યારબાદ તેલંગાણાના નાયબ મુખ્યપ્રધાનની અધ્યક્ષતામાં પણ એક સમિતિ રચવાનો નિર્ણય લેવાયો છે. આ સમિતિ પણ ત્રણ મહિનામાં પોતાનો રિપોર્ટ સોંપશે. બંને સમિતિઓની રચના ખૂબ જ જલદી કરાશે.

આ ઉપરાંત બેઠકમાં સરકાર તરફથી સ્કૂલના શિક્ષણને મજબૂત બનાવવા માટે લેવાયેલાં પગલાં પર પણ ચર્ચા થઈ હતી. તમામ સ્કૂલમાં લાઈબ્રેરી ખોલવાનો નિર્ણય લેવાયો. તેને લઈ તમામ સ્કૂલને રૂ.૨૦,૦૦૦ સુધીની મદદ કરાશે. બેઠકમાં મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, તેલંગાણા અને દિલ્હીના શિક્ષણ પ્રધાન ઉપરાંત બાકી રાજ્યના સ્કૂલ શિક્ષણના પ્રમુખ સચિવ અને અન્ય સચિવોએ ભાગ લીધો હતો.

## કરોડો રૂપિયાના બાકી ટેક્સની વસૂલાત માટે આરટીઓ કડક કાર્યવાહી કરશે

અમદાવાદ આરટીઓમાં નોંધાયેલાં વાહનોનો ટેક્સ ભરવાનો બાકી હોય તેવા ડિફોલ્ટરની સંખ્યા ઘણી મોટી છે. એકમાત્ર અમદાવાદ આરટીઓમાં જ અંદાજે ૭૦ થી ૮૦ કરોડથી વધુ રકમના વાહનટેક્સની મોટી રકમ વસૂલવાની બાકી નીકળે છે તેવી જ રીતે રાજ્યનાં અન્ય આરટીઓમાં પણ રિકવરીની રકમ ઘણી ઘટી હોવાના કારણે હવે આ રકમની ડિફોલ્ટર પાસેથી વસૂલી કરવા સરકારે રેવન્યૂ રાહે કામગીરી કરવા માટે નિર્ણય લીધો હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળે છે.

આરટીઓ પાસે હવે તમામ વાહનોના ડેટા ઓનલાઈન છે, જ્યારે મેન્યુઅલ રેકોર્ડ મુજબના ૭૦થી ૮૦ કરોડથી વધુ જંગી રકમની વસૂલાત માટે આરટીઓ અધિકારી કામગીરી કરી શકતા નથી.

આ અંગે એઆરટીઓ એસ.એ. મોજણીદારે જણાવ્યું હતું કે ટેક્સ ડિફોલ્ટની કામગીરી માટે કલેકટર સિવાય અન્ય કોઈ એજન્સીએ કામ કરવું હોય તો તે માત્ર મામલતદાર દ્વારા જ કરાવી શકાય છે તેમજ આ અંગે રેવન્યૂ રિકવરી સર્ટિફિકેટ લેવું પડે. હવે આ રિકવરી રેવન્યૂ રાહે કરવા મામલતદારની માગણી કરીશું.

હાલની વ્યવસ્થા અનુસાર અમદાવાદ સહિતની રાજ્યના કોઈ પણ આરટીઓમાં નવું વાહન રજિસ્ટર્ડ કરાવ્યું હોય તો ટેક્સની રકમ સાથે જ ભરી દેવાની રહે છે, જેથી આ અંગે હાલમાં કોઈ સમસ્યા નથી, પરંતુ જૂનાં વાહનોના ટેક્સ પેટે મોટા ભાગના આરટીઓમાં ડિફોલ્ટર પાસેથી ટેક્સ વસૂલીની રકમ મોટી સંખ્યામાં હોવાથી હવે રેવન્યૂ રાહે કામ લેવાશે.

## મ. સ. યુનિ.ના સિન્ડીકેટ રૂમમાં આગ

ગાંધીનગર, તા. ૧૨

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિ.ના મુખ્યાલયમાં પરીક્ષા વિભાગની બાજુમાં આવેલા જૂના સિન્ડીકેટ રૂમમાં મોડી સાંજે ભીષણ આગ ફાટી નીકળી હતી. આગના કારણે સિન્ડીકેટ રૂમ ભસ્મીભૂત થઈ ગયો હતો. તેની આસપાસમાં પરિક્ષાને લગતી સામગ્રીને પણ આગની અસર થઈ હતી. એરકન્ડીશનમાં શોર્ટ સરકીટ થવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન થઈ રહ્યુ છે. બુધવારે સાંજે લગભગ સાડા છ વાગ્યાની આસપાસ યુનિ. ઓફિસના પ્રથમ મજલે એક બંધ રૂમમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા સાથે આગે દેખા દીધી હતી. તે અંગેની જાણ થતાં યુનિ.ના વિજીલન્સ ટીમના કર્મચારીઓએ તાત્કાલીક પહોચી જઈને બંધ રૂમને તોડવાનો પ્રયાસ કરે તે અગાઉ તો ભીષણ આગ શરૂ થઈ ગઈ હતી. વડોદરા અગ્ની શમન દળને આ ઘટનાની જાણ થતાં તાત્કાલીક સ્થળ પર પહોચી જઈને લાશ્કરોએ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લીધી હતી. જૂનો સિન્ડેકેટ રૂમ રીનોવેટ થઈ રહ્યો હતો. તેમાં એક એરકન્ડીશન વર્ક કરી રહ્યુ ન હતુ. પરંતુ તેની સ્વીચ ચાલુ રહી ગઈ હશે જેના કારણે શોર્ટ સરકીટ થયો હશે.

## સોશિયલ મીડીયામાં ધાર્મિકતાનો અતિરેક

ગાંધીનગર, તા.૧૨

દરેક ધર્મ પ્રત્યેની આસ્થા એ શ્રધ્ધાનો વિષય છે પરંતુ તે અન્ય ઉપર થોપી બેસાડવું એ અતિરેક બને છે. હાલ મોબાઈલના બે અતિ મહત્વના સંદેશા વ્યવહારના માધ્યમોનો ઉપયોગ ધાર્મિક સ્થળો અને દેવી-દેવતા પૂરતો જ થઈ ગયો હોય તેમ લાગી રહ્યું છે. સોશીયલ મીડીયાના ફેસબુક અને વૉટસએપમાં ધાર્મિકતાનો અતિરેક થઈ ભણેલાઓએ અંધશ્રધ્ધા તરફથી આંધળી દોટ મુકી છે. જેથી કેટલાક શ્રધ્ધાળુઓમાં નારાજગી ફેલાઈ છે જમાં ધર્મના દેવી-દેવતા કે મંદિરો વિશે પણ અણછાજતી કોમેન્ટ પાસ થતી હોય છે જેના કારણે ધર્મમાં શ્રધ્ધા ધરાવતા લોકોની લાગણી ઘવાય છે.

ઈન્ટરનેટ થકી અતિ મહત્વના સંદેશા પળવારમાં પહોંચતા કરવામાં મદદરૂપ મોબાઈલના બે મહ્ત્વના માધ્યમો ફેસબુક અને વૉટસએપ હાલ ધાર્મિકતાથી ભરચક બની ગયા છે. ફેસબુક અને વોટસએપનો સદપયોગ થાય તો લોકશાહીના આ દેશમાં ખૂબ જ મદદરૂપ થઈ શકે છે. પરંતુ હાલ આ માધ્યમો થકી અંધશ્રધ્ધાને વેગ મળે તેવું કેટલાક યુઝર્સ કરી રહ્યા છે. વ્યકિત, ગૃપ, મિત્રો અને પબ્લિક વચ્ચે ધાર્મિકતાને શેર કરી વધુમાં વધુ લોકોને પહોંચાડવા જણાવવામાં આવે છે અને તેમ નહીં કરો તો ભારે નુકસાન થશે તેવી ભગવાનના નામે દહેશત ઉભી કરાય છે. હાલ ફેસબુક અને વૉટસએપમાં સક્રિય વ્યકિત પોતાને જેમાં શ્રધ્ધા હોય તે ધાર્મિક ભગવાનના ફોટા અપલોડ કરી રહ્યા છે વધુમાં પરીવાર સાથે યાત્રા કે મંદિરમાં દર્શન કર્યા હોય તેના પણ ફોટો અને વિડીયો મુકી રહ્યા છે.

અઠવાડીયાના દરેક વાર મુજબ દેવી દેવતાના ફોટા તે દિવસે મુકીને દર્શન કરવાનો આગ્રહ પણ સોશીયલ મીડીયામાં થઈ રહ્યો છે. વધુમાં કોમેન્ટમાં કે ફોટા ઉપર લાઈક કરો શેર કરો કે કેટલીક સંખ્યામાં નામ લખો તેવું જણાવાય છે. દરેક ધર્મની વ્યકિત પોતાને જેમાં શ્રધ્ધા હોય તે પ્રમાણે તેની ભકિત કરતા જ હોય છે પરંતુ કેટલાક ભણલોઓ ધાર્મિક પ્રવૃત્તિને અંધશ્રધ્ધના આંચળ પહેરાવી બદનામ કરી રહ્યા છે અને ધાર્મિકતાનો અતિરેક કરે છે જે અંગે યોગ્ય પગલાં જરૂરી બન્યા છે.

## શેરબજારમાં છઠ્ઠા દિવસે તેજી : સેન્સેક્સ ૧૬૦ પોઈન્ટ વધી ૩૪૦૦૦નો પાર

### રૂપિયો નબળો પડતા આઇટી શેરોમાં તેજી,આઇટી, પ્રાઇવેટ બેંક્રોમાં તેજી જ્યારે મેટલ, રીયલ્ટી, પીએસયુ બેંક્રોમાં ઘટાડો

બજારમાં ગુરુવારે સતત છઠ્ઠા દિવસે વધારો જોવા મળી રહ્યો છે. સેન્સેક્સ ઈન્ટ્રા-ડે ૨૩૦થી વધુ પોઈન્ટ વધીને ૩૪,૦૦૦ની ઉપર ૩૪,૧૭૭ને અડ્યો હતો અને અંતે ૧૬૦.૬૯ પોઈન્ટ વધીને ૩૪,૧૦૧ પર બંધ રહ્યો છે. નિફ્ટી ૪૧.૫૦ પોઈન્ટ વધીને ૧૦,૪૫૮ પર ટ્રેડ કરે છે. જોકે આઈટી અને પ્રાઈવેટ બેંક્રોમાં જ તેજી રહી હતી. સેન્સેક્સમાં ટીસીએસ અને ઈન્ફોસીસ અનુક્રમે ૩.૮૩ ટકા અને ૩.૭૩ ટકા વધીને ટોપ ગેઈનર છે. તેના કારણે માર્કેટ ઊંચકાયું છે.

રૂપિયામાં નબળાઈના કારણે આઈટી શેરોમાં આજે જોરદાર તેજી આવી હતી. ડોલર સામે રૂપિયો ૬૫.૩૧ પર પાંચ માસની ઊંચાઈએ ગયો છે. તેના પગલે અગ્રણી આઈટી શેરો જેવા કે ટીસીએસ ૪ ટકા, ઈન્ફોસીસ ૩.૪ ટકા, વિપ્રો ૦.૨૮ ટકા, ટેક મહિન્દ્રા ૧.૫ ટકા અને એચસીએલ ટે ૧.૨૫ ટકા વધ્યા છે.

માર્કેટમાં આજે આઈટી સેક્ટરનો દબદબો રહ્યો છે. એનએસઈમાં આઈટી ઈન્ડેક્સ સૌથી વધુ ૩.૨૧ ટકા ઊછળ્યો છે. ઉપરાંત પ્રાઈવેટ બેંક્ર ઈન્ડેક્સ ૦.૫૮ ટકા વધ્યો છે તેના પગલે બેંક્ર નિફ્ટી ૦.૩૯ ટકા વધીને ૨૫,૧૯૫ પર બંધ છે. જ્યારે મેટલ, રીયલ્ટી, પીએસયુ બેંક્ર ઈન્ડેક્સ, ફાર્મા, એફએમસીજી અને ઈન્ફ્રામાં ૧.૯૨ ટકાથી ૦.૧૫ ટકાનો ઘટાડો છે.

સેન્સેક્સમાં ૧૮ શેરો વધીને બંધ રહ્યા છે તેમાં ટીસીએસ અને ઈન્ફોસીસ ૪ ટકા અને ૩.૪૧ ટકા વધીને ટોપ ગેઈનર રહ્યા છે. ઉપરાંત એચડીએફસી અને એચડીએફસી બેંક્ર, આઈસીઆઈસીઆઈ બેંક્ર અને એક્સિસ બેંક્ર ૧.૬૩ ટકાથી ૦.૪૬ ટકા વધ્યા છે. આ શેરોનો સેન્સેક્સને ઊંચકવામાં મોટો ફાળો રહ્યો છે. અન્ય વધેલા શેરોમાં એશિયનપેઈન્ટસ, ટાટા મોટર્સ, એચયુએલ, એલએન્ડટી, કોટક બેંક્ર અને વિપ્રો પણ વધ્યા છે. જ્યારે આઈટીસી, મારુતિ, એસબીઆઈ, ટાટા સ્ટીલ, ભારતી એરટેલ અને સન ફાર્મા ૧.૫૧ ટકાથી ૦.૯૪ ટકા ગબડ્યા છે.

ક્રુડ ઓઈલની કિંમત ૪ વર્ષની ઊંચી સપાટી પર પહોંચતા રીટેલ ઓઈલ કંપનીઓના શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈનો ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ ૦.૪૨ ટકા ઘટ્યો છે. બીપીસીએલ ૧.૭૨ ટકા, હિન્દુસ્તાન પેટ્રોલિયમ ૧.૬૩ ટકા અને આઈઓસી ૧.૪૦ ટકા ઘટ્યા છે. બુધવારે પણ સરકારે ઓઈલ કંપનીઓને પેટ્રોલના ભાવ વધારાનો બોજ સહન કરવા જણાવ્યું હતું તેના કારણે ઓઈલ શેરોમાં ૮ ટકા સુધીનો ઘટાડો આવ્યો હતો.

આવતીકાલે શુક્રવારે ઈન્ફોસીસના ચોથા કવાર્ટરના પરિણામો આવશે. અમેરિકાના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની રશિયાને ચેતવણી વચ્ચે ડાઉ જોન્સ ૨૧૯ પોઈન્ટ ઘટી ૨૪,૧૯૦ અને નેસ્ડેક ૨૫ પોઈન્ટ ઘટી ૭૦૬૯ બંધ રહ્યો હતો.

ગ્લોબલ ટેન્શનનો માહોલ સર્જાયો છે. જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલનો બાવ ૬૮.૯૫ ડૉલર થયો છે. જે ૪૦ મહિનાની હાઈ પર પહોંચી ગયો છે. આથી આજે ઓઈલ માર્કેટિંગ કંપનીઓના શેરોમાં વેચવાલી વચ્ચે પીએસયુ અને ઓઈલ કંપનીઓના શેરોના ભાવ ઘટ્યા હતા.

## જેઈઈની આન્સર કી ૨૪થી ૨૭ એપ્રિલ સુધી જાહેર થશે

જેઈઈ મેઈન ઓફ લાઈન પરીક્ષા લેવાઈ ચૂકી છે. જેની આન્સર કી ૨૪મી એપ્રિલે જાહેર થશે રવિવારે ૧૫ એપ્રિલ રાજ્યભરના કુલ ૧૦ સેન્ટર ઉપરથી જેઈઈની ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે. ત્યારબાદ આન્સર કી જાહેર થશે. આન્સર કી જાહેર થયા બાદ વિદ્યાર્થીને કોઈ જવાબ સામે પ્રશ્ન હશે તો તે રૂ.૧૦૦૦ જમા કરાવીને રજૂઆત કરી શકશે.

આ વર્ષ ૨.૨૪ લાખ વિદ્યાર્થીઓને જેઈઈ એડ્વાન્સ પરીક્ષા આપવાની તક મળશે. જોકે ગત વર્ષોની સરખામણીએ મેરિટ ઓછું રહેશે આ વર્ષે પેપરમાં ૧૦ પ્રશ્નો એવા હતા કે જે જેઈઈ મેઈનના અભ્યાસક્રમમાં તો હતા પરંતુ જેઈઈ એડ્વાન્સના અભ્યાસક્રમમાં નથી.

જે વિદ્યાર્થીએ માત્ર એડ્વાન્સના અભ્યાસક્રમની મેઈનની તૈયારી કરી છે તેમને નુકસાન થઈ શકે છે. આ વર્ષે ૧૬ સવાલો એવા હતા જે છેલ્લા ત્રણ કે ચાર વર્ષથી પરીક્ષામાં પુછાઈ રહ્યા છે. આ વર્ષ ૧૫ હજાર સુધીની રેંક્ર મેળવનારા વિદ્યાર્થીને સરળતાથી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈનમાં એડ્મિશન મળવાની શકયતા છે. જેઈઈ મેઈનનો કટ ઓફ સ્કોર આ વર્ષે ૭૫ થી ૮૦ માર્ક વચ્ચે રહેવાની શકયતા છે.


## રાજ્યમાં તબીબોની નિવૃત્તિ વયમર્યાદા ૬૫ વર્ષની કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા ડોક્ટરોની નિવૃત્તિની વયમર્યાદા ૬૨થી વધારીને ૬૫ કરી દેવાઈ છે. અંદાજે છ માસ પહેલા કેન્દ્ર સરકાર દ્વારા પણ ડોક્ટરોની વયમર્યાદામાં વધારો કરાયો છે. જોકે, વયમર્યાદા વધારવાની સાથે કેટલાક કડક નિયમો પણ લાદવામાં આવ્યા છે. જેમાં વયમર્યાદા વધારાનો લાભ લેનારે ડોક્ટરો કોઈપણ વહીવટી જગ્યાઓ પર કામગીરી કરી શકે નહી તેવી જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના માર્ગદર્શન પ્રમાણે મધ્યપ્રદેશમાં પણ નિવૃત્તિની વયમર્યાદામાં વધારો કરાયો છે જેમાં કેન્દ્ર સરકારના તમામ નિયમો લાગુ કરાયા છે. હવે ગુજરાતમાં પણ નિવૃત્તિની વયમર્યાદા ૬૨માંથી ૬૫ કરાઈ છે ત્યારે કેન્દ્રના નિયમો લાગુ કરાશે કે કેમ તે મુદ્દે ભારે અનિશ્ચિતાભરી સ્થિતિ જોવા મળી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા ડોક્ટરોની વયમર્યાદા વધારવાની સાથે કેટલીક શરતો લાગુ કરાઈ છે. જેમાં ૬૨થી ૬૫ વર્ષનો લાભ લેનારા ડોક્ટરને માત્ર પેશન્ટ રિલેટેડ કામગીરી કરવાની રહેશે. આ ઉપરાંત જે જગ્યાઓ ખાલી હશે તેમાં જ સ્થાન આપવામાં આવશે. જો નીચેનો કોઈ વ્યકિત પ્રમોશન મેળવે તો જગ્યા ખાલી કરી દેવાની રહેશે. આ ઉપરાંત ડીન, સુપરિન્ટેન્ડન્ટ , ડાયરેક્ટર કે ડેપ્યુટી ડાયરેક્ટ જેવી પોસ્ટ પર કોઈ ડોક્ટર નિવૃત્ત થતા હોય તો તેમને આ જગ્યા છોડી દેવાની રહેશે. તેઓ જે બ્રાન્ચમાં એમ.ડી. કે એમ.એસ થયેલા હોય તેમાં દર્દીને લગતી સેવાઓ આપવાની રહેશે. એટલે કે ૬૨થી ૬૫નો લાભ લેનારી વ્યકિત કોઈપણ વહીવટી જગ્યા સંભાળી શકશે નહીં. કેન્દ્ર સરકાર દ્વારા પોતાના તાબામાં આવતી હોસ્પિટલ અને આરોગ્ય સેવા કેન્દ્રોમાં ફરજ બજાવતાં તમામ ડોક્ટરોને આ નિયમોને આધારે વયમર્યાદામાં વધારો અપાયો છે. સૂત્રો કહે છે તાજેતરમાં મધ્યપ્રદેશમાં પણ ડોક્ટરોની વયમર્યાદા ૬૨થી ૬૫ કરવામાં આવી છે. જેમાં કેન્દ્ર સરકારે જે નિયમો જાહેર કર્યા છે તે તમામ સ્વીકારી લેવાયા છે. એટલે કે વયમર્યાદા બાદ કોઈપણ ડોક્ટર વહીવટી પોસ્ટ પર રહી શકશે નહીં. ગુજરાત સરકારે પણ આજે ડોક્ટરોની નિવૃત્તિની વયમર્યાદા ૬૨માંથી ૬૫ કરવાની જાહેરાત કરી છે. આ સ્થિતિમાં ગુજરાતમાં કેન્દ્ર સરકારના નિયમો લાગુ કરાશે કે કેમ તે મુદ્દે કોઈ સ્પષ્ટતા થઈ નથી. સૂત્રો કહે છે કેન્દ્ર સરકારના નિયમો લાગુ કરવામાં ન આવે તો મોટી મુશ્કેલી ઊભી થાય તેમ છે. કારણ કે છેલ્લા કેટલાય સમયથી વયમર્યાદાનો વિરોધ અનેક ડોક્ટરો કરી રહ્યા છે.

## એજ્યુકેશન લોન હવે એનપીએ થઈ રહી છે

### જીવન ઉપવન



મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

જે મુક્તિ અપાવે તે વિદ્યા. મતલબ જ્ઞાનની કિંમત ખૂબ જ ઊંચી છે. જ્ઞાન હોવું અને ભણેલા હોવું એ બંનેમાં વ્યાવહારિક દષ્ટિએ ભેદ છે. કારણ કે હવે પ્રમાણપત્ર અને ગુણપત્રક મળી જાય છતાં વિદ્યાર્થી તો ખાલીખમ હોય છે. શિક્ષણ જીવનને હકીકતમાં ઊંચે લઈ જવા સક્ષમ છે પણ તે ખરું જ્ઞાન-નોલેજ હોવું જોઈએ. માહિતીઓ અને આંકડાઓની ગોખણપટ્ટીથી પાસ કરેલી પરીક્ષાઓથી કંઈ પ્રાપ્ત થતું નથી. સમયની બધી બલિહારી છે. આજથી ચાલીસ કે પચાસ વર્ષ પહેલાં હતું તેવું શિક્ષણ હવે ક્યાં છે ? અને હોઈ પણ ના શકે. ગુરુજનો અને વિદ્યાર્થીઓની ગુણવત્તામાં ભયાનક પરિવર્તન આવી જ ગયાં છે. શિક્ષણ મળે તો ધન્ય થવાય, કેળવણી મળે તો જીવન તરી જવાય પણ માત્ર ઔપચારિકતાઓથી કશું મળતું નથી. તાજેતરમાં રિઝર્વ બેન્કની સમીક્ષાવાળા આંકડાઓ જાણવા મળ્યા તો ખબર પડી કે હવે બેન્કોની એજ્યુકેશન લોન્સ પણ નોન પરફોર્મિંગ એસેટ બની રહી છે. પ્રાથમિકતા પ્રાપ્ત ક્ષેત્ર હેઠળ શિક્ષણની લોન આવે છે. જે મૂળ તો રિઝર્વ બેન્ક દ્વારા જ શરૂ કરવામાં આવેલ છે. ઉચ્ચ કે ઉચ્ચતર શિક્ષણમાં નાણાંના અભાવે ગરીબ યા પછાત બાળકોનું ભાવિ ના બગડે તેવા મૂળભૂત ઉદ્દેશથી તે શરૂ કરવામાં આવી અને બધી જ બેન્કો શિક્ષણ લોન મંજૂર કરતી જ હોય છે. એજ્યુકેશન લોન એ કોઈ વ્યાપારિક કે ઔદ્યોગિક યા કૃષિ પ્રવૃત્તિ સાથે સંલગ્ન પ્રોડક્ટ નથી. તેમ છતાં આ પ્રકારની લોન એનપીએ થવા લાગી. ઉપરાંત એનું સ્તર વધતું જાય છે.



શિક્ષણ લોન મંજૂર કરતાં પહેલાં કઈ કઈ બાબતો ઉપર બેન્કોએ તપાસવું તેનું એક લિસ્ટ હાજર હોવા છતાં બધી જ બેન્કો લક્ષ્યાંકો મુજબ લોન આપતી રહી તેથી આ ક્ષેત્રમાં સવાલ ઊભો થયો છે. બીજું, લોન એ આર્થિક સહાય નથી. તે બેન્કનું ધિરાણ છે. અને પરત કરવાનું હોય છે એ હકીકત સ્પષ્ટ થવી જોઈએ. ત્રીજું, આપણા દેશમાં શિક્ષણની જરૂરિયાતનતે આર્થિક આયોજનના ઢાંચા સાથે સાંકળવામાં આવી નથી. મતલબ કે બધી જ ફેકલ્ટીઝ અને પ્રવાહોમાં ભણનારા ભણતા જ જાય છે. તે કોર્સ કરે છે પરંતુ ભાવિ કેવું હશે તે નક્કી નથી. માબાપ વિચારતા નથી કે લોન મંજૂર કરનાર બેન્ક પણ વિચારતી નથી. એટલે જેની માર્કેટ વેલ્યૂ શૂન્ય હોય તેવાં ઉત્પાદનો ચાલુ જ રહ્યાં છે. માર્કેટ વેલ્યૂનો અર્થ એ જ છે કે ડિગ્રી મળ્યા પછી તેના પાયા ઉપર કારકિર્દી ઘડાશે? જોબ મળશે ?

ઘણા બધા કોર્સ એવા છે કે જે માત્ર ચાલવા ખાતર ચાલી રહ્યા છે, તેમનું કોઈ ભવિષ્ય નથી. ડિગ્રીની કિંમત ના હોય તો જોબ ક્યાંથી મળશે? જોબ નહીં મળે તો લોનના હપ્તા શી રીતે ભરાશે ? નિયમાનુસાર એજ્યુકેશન લોન સંયુક્ત નામથી જ ખૂલે છે. વિદ્યાર્થી સાથે વાલીનું નામ હોય છે. મતલબ કે સંતાનના ભણતર માટેની લોન લીધી અને ભણ્યા બાદ જોબ ન મળે તો લોન પરત કરવાની સઘળી જવાબદારી વાલી કે પિતાની આવે છે. પરિવારે પેટે પાટા બાંધીને બેન્કને લોન ચૂકવી આપવી પડે છે. રોજગારીનું સર્જન ધીમું છે તેથી શિક્ષણ લોનનાં ખાતાઓ એનપીએમાં આવતાં જાય છે. આજે તબીબ અને વકીલાતનું ભણતર પણ જોબ લાવવામાં સફળ નથી. મેનેજમેન્ટ અને આઈટીમાં બેકારોની સંખ્યા પુષ્કળ છે. સામાન્ય સ્નાતકની તો કોઈ ગણતરી જ રહી નથી. બધાં ક્ષેત્રોમાં અતિ સ્પર્ધા અને શિક્ષણના વ્યાપમાં વ્યાપારીકરણને લીધે પુષ્કળ પ્રશ્નો ઊભા થયા છે.

નાની રકમ માટે કોઈ સિક્યુરીટી પણ બેન્ક નિયમ મુજબ લઈ શકાતી નથી. પછી વસૂલાત માટે પરિવાર જો યોગ્ય સહકાર દાખવે નહીં તો લોનની બાકી એનપીએ શ્રેણીમાં આવી જાય છે. આ મુદ્દા ઉપર માત્ર ઉપયોગી બે ચિંતન કરવાના થાય છે. એક, મેરિટોરિયસ સ્ટુડન્ટ્સને લોન આપવી ઉપરાંત જે ડિગ્રી મેળવવા લોન લેવામાં આવે છે તેનું ભાવિ કેવું લાગે છે ? આ મુદ્દાઓ આધારિત કાર્ય થાય તો પ્રશ્ન હળવો બની શકે તેમ છે.

**શેર આસ્વાદ**

ચારે તરફ છે વેદના,
સંવેદના નથી
પડઘાય પારકી પીડા
એ સાદ પણ નથી